## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ધરતી પર પડેલા દાણા જોઇ,
પાંખો સમેટી પંખી નીચે આવી બેઠું,
આકાશ ભૂખથી મોટું નથી !

કન્હૈયાલાલ સેઠિયા
(રાજસ્થાની કવિ). અનુવાદ : મહેશ દવે

### પાથેય

- રમેશ ઠક્કર

## ભૂખ્યાંને ભોમ આપો...આકાશ નહીં !

ભૂખથી મોટું આમ જોઈએ તો જગતમાં કોઈ જ નથી..માણસ ચંદ્ર ઉપર જાય,અવનવા વિક્રમો કરે કે,પછી ગમે એવા મોટા આદર્શો રચે..જયાં ભૂખની વાત આવે બધું જ વરાળની માફક ઉડી જતું હોય છે...કેવી હોય છે આ અસહાયતા ? એક પુસ્તક એનું બયાન કરે છે.

એનું નામ છે."સરનામાં વિનાનાં માનવીઓ"લેખિકા છે મિત્તલ પટેલ..આપણે એમને વિચરતા સમુદાય મંચના કર્મશીલ તરીકે ઓળખીએ છીએ..સોશિયલ મીડિયા અને ટેલિવિઝન કે અખબારોમાં એમની સાફલ્ય ગાથાઓ આપણે જોઈ છે..

વાદી, મદારી નટ ,બજાણિયા, સરાણિયા, વણઝારા, કાંગસિયા, ડફેર જેવા સમુદાયો જે એમના પરંપરાગત હુન્નર થકી આજીવિકા મેળવતા..પરંતુ આધુનિક જગતમાં એમનું જીવન દુષ્કર બન્યું છે..આ સમાજના ઉત્કર્ષ માટે એમણે જાણે ભેખ ધારણ કર્યો છે..એક મહિલા તરીકે, ડફેર જેવી ખૂંખાર જાતી કે સરાણિયા જેવા અતિ પછાત સમુદાયોના જીવનનો અભ્યાસ કરી સંવેદનાપૂર્વક એમના જીવનમાં અજવાળું પાથરવાનું કામ બહેન મિત્તલ કરે છે..

શરૂઆતનાં પ્રકરણો શેરડીના ખેતરોમાં કામ કરતા 'કોયતા' નામના ગરીબ કામદારો સાથેના એમના દોઢ માસના સહવાસનાં છે..એમાં એમની દારૂણ અવદશાનું કારૂણ્ય ઘૂંટાયું છે.આપણી આસપાસ જ જીવતા માણસોનું જીવન આવું પણ હોઈ શકે ? જ્યાં ભૂખને દબાવી દેવા માટે પેટ ઉપર તસતસતું કપડું લપેટી દેવામાં આવે..ભૂખથી રડતાં નાના ભૂલકાને સૂકાંભઠ્ઠ જનનીનાં સ્તન મળે..મન ખિન્ન થઈ જાય..આવી અનુભૂતિ મને વિનસન્ટ વાનગોગની જીવનકથા "સળગતાં સૂરજમુખી" વાંચતાં થઈ હતી..જેમાં ખાણિયાઓની દોઝખ જેવી જિંદગી વચ્ચે ફરતા એ ચિત્રકારની વાત હતી.

આ કથાઓ ફક્ત શેરડીના મજુરો પુરતી જ નથી .ગરીબી બધે એક જ સરખી હોય છે..પેટ ભરવા માટે દેહ વ્યાપાર કરતી સરાણિયા બહેનો..વડિયા ગામ..પારાવાર મજબુરીઓ..સમાજ અને માણસોની સ્વાર્થવૃત્તિ..મિત્તલબેન આ બધા વચ્ચે મર્દાનગીથી કામ કરે છે. એમનાં દુઃખ દર્દને પોતાનાં ગણી મથામણ કરે છે...સંવેદનાનો એક આલેખ રચાય છે..

કડકડતી ટાઢથી બચવા ધરતી ઉપર ખાડા ખોદી માથે છાપાનો ટૂકડો ઢાંકી ઉંઘી જતાં પરિવારો..મરણ પછી ખાડો ખોદાય પણ આ તો જીવવા માટે ખોદાતા ખાડા ! જીવન માટે ઝૂરતાં ઝઝૂમતાં આ દરિદ્રનારાયણો..! ભૂખથી પીડાતા લોકો માટે ગમે એવી મોટી વાત કરવી એ નકામી સાબિત થતી હોય છે..એમના જઠરાગ્નિને ઠારવા એ જ ઉત્તમ કામ બની રહે છે.

# શુદ્ધ રાજકારણની અનિવાર્યતા

**તંત્રીસ્થાનેથી...**

પહેલાં સ્પષ્ટતા કરી લઈએ કે રાજકારણ ઘણી વ્યાપક માયાજાળ છે. 'રાજકારણ' એટલે ફક્ત નેતાઓ વાળું, વડાપ્રધાન, રાષ્ટ્રપતિ,સંસદ કે વિધાનસભા વાળું જ રાજકારણ નહીં. અન્ય જીવસૃષ્ટિની સરખામણીમાં ઓછા શક્તિશાળી અર્થાત્ ઓછી શારીરિક શક્તિ ધરાવતો માનવી પથ્થરયુગવાળી ગુફામાંથી બહાર આવી આકાશ - પાતાળ અને પૃથ્વીનો માલિક બની બેઠો અને ડાયનાસોર કે મેમથ જેવાં વિકરાળ પ્રાણીઓ નાશ પામ્યાં - એ પણ 'રાજકારણ' જ છે. બુદ્ધિ આગળ બળ પાણી ભરે છે. એટલે જ નાનકડું બ્રિટન પોતાને 'ગ્રેટ બ્રિટન' તરીકે ઓળખાવી શક્યું અને આખી દુનિયા પર રાજ કરી શક્યું. આ રાજકારણ ધર્મમાં પણ છે, શિક્ષણ અને સાહિત્યકળા જેવાં ક્ષેત્રો પણ એથી અછૂતાં નથી રહ્યાં. રાજકારણની રમત યુધિષ્ઠિર જેવા સત્યવચનીને પણ 'અર્ધસત્ય' ઉચ્ચારવા મજબૂર કરતી રહી છે અને નિર્દોષ એકલવ્યના અંગૂઠા કાપતી રહી છે. મિડિયોકર કહેતાં મધ્યમકક્ષાના પણ ચાલક અને ચતુર લોકો આગળ આવે છે; ખરી લાયકાત વાળા હવા ખાતા રહી જાય છે. દરેક ક્ષેત્રમાં આવું બને છે અને તમારી પાસે જરા ઝીણી નજર હોય તો એ તમને અત્ર-તત્ર-સર્વત્ર, તમારા આંગણાથી માંડી બ્રહ્માંડ પર્યંત દષ્ટિગોચર થતું રહે છે. અફસોસ પણ થાય, પરંતુ, કશું કરી ન શકાય. સહન જ કરી લેવું પડે. રાજકારણમાં 'ચારિત્ર્ય' ની અપેક્ષા જ વધારે પડતી ગણાય. પછી એનો સંદર્ભ શરીરથી લઈ રૂપિયા અને સત્તા સુધી વિસ્તરતો વરતાય. આપણે 'ચારિત્ર્ય'ને યૌન સંદર્ભ સાથે સાંકળીને એની વ્યાપકતા પર પ્રહાર જ કરીએ છીએ. એક દીકરો એના બાપ સામે હાથ ઉગામે એ ચારિત્ર્યહીનતા નથી શું ? બેન્કોનાં નાણાં ચાઉં કરી રાજકારણીઓ સાથે સાંઠગાંઠ રચી સલામત રીતે સલામત જગ્યાએ ખસી કે વસી જઈ હસી શકનારા ધનકુબેરોને ચારિત્ર્યહીન ન ગણવા જોઈએ ? યોગ્ય ઉમેદવારનો હક ડુબાડી જ્ઞાતિ કે નાણાં અથવા યૌન સંબંધો વટાવી ટિકિટ મેળવનાર ઉમેદવારોને કે એમને ટિકિટ થમાવનાર હાઈકમાંડને ચારિત્ર્યહીન કહી શકાય ? આવા સવાલો તરફ આપણું ધ્યાન જતું જ નથી કારણ કે સરકાર ચારિત્ર્યવાન નહીં હોવાથી આપણે માટે સવારથી સાંજ વેગળી ને વેગળી રહે છે. કોઈ જિલ્લા સમિતિનો પ્રમુખ નશામાં ધૂત થઈ કોઈ મહિલા પ્રભારીમંત્રીની પીઠ પસવારે ત્યારે આપણે એકાએક ઘેરી નીંદરમાંથી જાગી જઈએ છીએ. પાર્ટીના ચારિત્ર્ય પર છાંટા ના ઊડે એટલા સારું એવા ઉપયોગી આગેવાનનું ઉતાવળે રાજીનામું લઈ લેવાય છે અને વાત ત્યાં જ પૂરી થઈ જાય છે. શું આ ઉઘાડેછોગ, જાહેરમાં બનતી ઘટના અંધારા ઓરડે વારંવાર નથી બનતી ? રાજકારણ એટલે ફક્ત 'પોલિટિશિયનો' વાળું જ રાજકારણ નહીં - એ બ્યુરોક્સી, સહકારી ક્ષેત્રનું, શિક્ષણ જગતનું અને કલાજગતનું રાજકારણ પણ છે, જેને ચારિત્ર્ય સાથે સ્નાનસૂચકનો સંબંધ નથી. ગાંગુલી પરિવારની એક રૂપાળી અભિનેત્રીએ ફિલ્મક્ષેત્ર એટલા સારું છોડી દીધું કે એમાં 'કાસ્ટિંગ કાઉચ' વાળું રાજકારણ સર્વમાન્ય હતું. રોલ મેળવવો હોય, કરિયર બનાવવી હોય તો સૂઈ જવાની તૈયારી રાખવી જ પડે - પછી એ પલંગ નેતાનો હોય, અભિનેતાનો હોય, કલા સાહિત્ય ક્ષેત્રનાં કે શિક્ષણ ક્ષેત્રના માંધાતાનો હોય, અભિનેતાનો હોય, કે ધનકુબેર ઉદ્યોગપતિનો. રાજકારણ અને ચારિત્ર્ય હવે પરસ્પર વિરુદ્ધાર્થી શબ્દો બની ગયા છે. ફરગેટ ઈટ.

# સ્મરણોની ગલીઓમાં ફરતા વરસાદી ગીતો યાદ આવે

ચોમાસાની ઋતુ છે, ચારે તરફ શ્રીકાર વર્ષા થઈ રહી છે, નદી-નાળા, તળાવને સાગર છલકાઈ રહ્યા છે. સમગ્ર વાતાવરણમાં મસ્તીને મદહોશી છે. પ્રેમીઓના હૃદયની સાંવેદનાનો અભિવ્યક્ત કરતા ગીતો - ગઝલો - કવિતાઓ - લોકગીતો કેટકેટલાનું સ્મરણ થાય જેમાં વરસાદ અને વરસાદી વાતાવરણ શબ્દ સાંગીતામાં અભિવ્યક્ત થતા હોય.



હિન્દી સિનેમાની કથાઓમાં વાર્તાના ભાગરુપે સ્ટોરી રનર તરીકે કે પ્રેમની અભિવ્યક્તિ રુપે, સ્મરણ રુપે કે નૃત્ય રુપે, આનંદ રુપે કે વિરહ રુપે અઢળક ગીતા વરસાદના મળે છે જે આપણા હૃદયમાં હૃદયસ્થળ છે, આપણને વારંવાર સાંભળવા ગમે છે.

આવનારા દિવસોમાં મહાન ગાયક મોહમ્મદ રફી સાહેબની પુણ્યતિથિ છે. ત્યારે સૌ પ્રથમ યાદ આવે ફિલ્મ લોફરનું મહદોશ ગીત....

આજ મૌસમ બડા બેઈમાન હૈ,
આને વાલા કોઈ તુફાન હૈ....

મૌસમમાં ભીનાશ છે અને વાતાવરણમાં પહેલા વરસાદની માટીની સુગંધનો ધમધમાટ છે. ત્યારે યાદ આવે ૧૯૪૧મા બનેલી ફિલ્મ ઝુલાની ગીત.

આજ મૌસમ સલોના સલોના રે,

૧૯૪૩માં આવેલી ફિલ્મ તાનસેનમાં અમીરબાઈએ ગાયેલા ગીતમાં તો વાદળને વિનંદી કરવામાં આવી છે.

ધીરે ધીરે આરે બાદલ ધીરે ધીરે આ મેરા બુલબુલ સો રહા હૈ શોર તુ ના મચા...

અને રાજકપુરની ફિલ્મ બરસાતનું ગીત તો સૌના હૈયે જોડાયેલું છે બરસાતમાં હમસે મીલે તુમ....

સજન તુમ સે મીલે હમ બરસાત મેં....




વરસાદ આવે એટલે બાળકો માટે છબાછબીયાનો, વરસાદના ફોરાનો ઝીલવાનો, યુવાનો માટે પ્રિયજનને લઈને માર્ગ પર, પહાડોમાં કે તળાવ -નદી કિનારે ભીંજાવાનો અને વડીલો માટે અમે પણ અમારા જમાનામાં ચોમાસાની ઋતુની મજા આમ આમ લેતા હતા. તેવી વાતો કરતા કરતા ગરમાગરમ ભજિયા - મેથીના ગોટા કે દાળવડા ખાવાનો સમય.

સ્મરણોની ગલીઓમાં ફરતા ફરતા જે વરસાદી ગીતો યાદ આવે એમાં હરિયાલા સાવન ઢોલ બજાતા આયા, ઉમડ ઉમડ કર આઈ રે ઘટા, કાલી ઘટા છાયે મોરા જીયા ધબરાયે, ગરજત બરસત સાવન આયો રે અને ફિલ્મ પરખનું ગીત ઓ સજના બરખા બહાર આઈ

રસકી ફુહાર લાઈ
અખીંયોં મેં પ્યાર લાઈ

પણ અચૂક યાદ આવે જ...

વાસ્તવમાં ચોમાસાની ઋતુ આપણા હૈયામાં પ્રકૃતિ માટે પ્રિયજન માટે પ્રેમ જગાવે છે. રસ પેદા કરે છે. પરિસ્થિતિ દુઃખની પણ હોઈ શકે અને સ્થિતિ મુશ્કેલ પણ હોઈ શકે. પરંતુ જીવનમાં આનંદ છે, પ્રેમ છે, પ્રકૃતિમાં પ્રસન્નતા છે, જિંદગી જીવવા જેવી છે અને કોઈના પ્રેમમાં ભીંજાવા જેવી છે એ વાત આપણને અર્થપર્ણ રીતે સમજાવે છે. ચોમાસું - કેટલાક વળી સાવ કોરા જ રહેવા સર્જાયેલા હોય એમની વાત જુદી છે.

વરસાદની ઋતુ છે એ ઋતુમાં આપણે ભીંજાઈએ અને બીજાને પણ ભીંજવીએ ને પછી સાથે ગાઈએ જીંદગી ભર નહીં ભૂલેલી વો વરસાદ કી રાત.... તો પછી જે સવાર પડે છે એ સવાર પ્રેમપૂર્ણ - અર્થપૂર્ણ અજવાળા જરૂર રેલાવશે.

### દિન મહિમા

● કારગિલ વિજય દિવસ

### આજનું ઔષધ

● કુવાડીયાના બીજનો ભૂકો દહીં સાથે મેળવી ખરજવા પર લગાડવાથી ફાયદો થાય છે.

### ખડખડાટ

● મોંઘવારીના ડરથી નિરાશ થઈને કોઈ ખોટું પગલું ના ભરતા... ડિસ્કવરી ચેનલ જોતાં રહેજો, એમાં જંગલમાં રહેવાની તરકીબો બતાવે છે....

### આજનું વોટ્સએપ

● જીવન માં સૌથી અઘરું કામ દરેકને ખુશ કરવાનું છે,
પરંતુ સૌથી સરળ કામ દરેક સાથે ખુશ રહેવાનું છે..

# મહાકવિ કાલિદાસ પૂછે છે : "અસ્તિ કશ્ચિત વાગ્વિશેષ: ?"

અષાઢ મહિનો આવે અને 'મેઘદૂત' કે 'કાલિદાસ' યાદ ન આવે તો સમજવું કે બાયપાસ સર્જરી કરાવવાની જરૂર છે. હૃદયની એ નળી કે જેના દ્વારા આપણી સંવેદનાઓ સાહિત્યની આ ઉત્તમોત્તમ કૃતિ અને તેના રચનાકાર કાલિદાસ દ્વારા રચિત ભાવવિશ્વ તરફ લઈ જનારી ન હોય. તો હૃદયની એ નળીને અનિવાર્યપણે બદલવી જ રહી કે જે આપણી આંતરિક ચેતનાને યંત્રવત બનાવી દેતી હોય. બાકી માત્ર સંસ્કૃતજ્ઞ માટે જ નહીં સૌ ભારતીયો માટે જે પ્રાતઃસ્મરણીય નામ છે તે કવિવર કાલિદાસનો તો અષાઢ માસ સાથે ગાઢ નાતો છે.

દેવભાષા સંસ્કૃતને હાંસિયામાં ધકેલી દેવાના ભરપુર પ્રયાસો આપણે ત્યાં થયા છે. આ દેવભાષામાં કેવા કેવા ઉત્કૃષ્ટ અને અદ્ભૂત ગ્રંથો રચાયા હતા; તેની જો યાદી બનાવીએ તો કાગળોના કાગળો ઓછા પડે. આપણે બધા જાણીએ છીએ કે જે ભાષાનો જનસામાન્ય દ્વારા વ્યવહારમાં અને બોલચાલમાં ઉપયોગ થતો હોય તેનું જ સાહિત્ય અધિક સર્જાતું હોય છે. જે રાષ્ટ્રમાં ચોરે અને ચૌટે માત્ર સંસ્કૃત બોલાતી હતી તેવા મહાન દેશમાં સંસ્કૃત ભાષાને ત્રીજી ભાષા તરીકે પ્રસ્થાપિત કરવા માટે અત્યારે જે વિરોધ સહન કરવો પડે છે તે શોચનીય બાબત છે.

કાલિદાસના જીવન વિષે ઘણી દંતકથાઓ વાંચવા મળે છે. તેમાંથી સત્યની વધુ નજીક અને તેમના જીવનને ઉજાગર કરતી જે દંતકથા છે તે પ્રમાણે રાજાની ખૂબ જ વિદ્વાન અને સૌંદર્યની મૂર્તિ સમી કુંવરીના વિવાહ દ્વેષીલા રાજ્ય મંત્રીના કાવતરાના કારણે મૂર્ખ અને મૂઢ એવા અણઘડ યુવાન સાથે કરાવી દેવામાં આવે છે. સત્ય ઉજાગર થતાં જ વિદ્યોત્તમા તે મૂર્ખને કાઢી મૂકે છે તે યુવાન અપમાનિત થઈને માતા કાલિની ઉપાસના કરે છે. સરસ્વતીની ઉપાસના કરે છે અને માની કૃપા પ્રાપ્ત થતાં તે કાલિદાસ સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ એવા સંસ્કૃત સાહિત્યકાર બની જાય છે. કાળક્રમે એ રાજાની કુવરી વિદ્યોત્તમા સાથે વળી ભેટો થાય છે. બંને ભૂતકાળ ભૂલીને આગળ વધે છે, પરંતુ પુનઃમિલન વખતે વિદ્યોત્તમા માત્ર ટીખળ ખાતર તેને પ્રશ્ન પૂછે છે કે " અસ્તિ કશ્ચિત વાગ્વિશેષ:" શું તમારી બોલીમાં કોઈ ફરક પડ્યો છે ? મહાકવિ કાલિદાસ આ પ્રશ્નનો ઉત્તર તેમની આગવી શૈલીમાં આપે છે. અને આ ત્રણ શબ્દોના ઉપયોગથી તેઓ ત્રણ વિશ્વ પ્રસિદ્ધ મહાકાવ્યોનો પ્રારંભ કરે છે.

૧) અસ્તિ ઉત્તરસ્યાંદિશિ દેવતાત્મા હિમાલયો નામ નગાધિરાજપ.( કુમારસંભવ )

૨) કશ્ચિત કાન્તા વિરહગુરુણા સ્વાધિકારપ્રમત્તઃ ( મેઘદૂતમ )

૩) વાગર્થાવિવ સંપૃક્તૌ વાગર્થા પ્રતિપત્તયે પ(રઘુવંશ )

આવા અસામાન્ય અને અમાનવીય શ્રેષ્ઠતા ધરાવતા જ્ઞાની કવિને અને વિશ્વવંદનીય વ્યક્તિત્વને આપણે શી રીતે વિસ્મરી શકીએ ? જેના અભિજ્ઞાનશાકુન્તલને માથા પર લઈને જર્મન કવિ ગટે નાચ્યો હોય તે કવિગુરુ કાલિદાસને આજની પેઢી સુધી લઈ જવા પડશે.

સંસ્કૃત ભાષાની વિટંબણા એ છે કે આ ભાષાને સહુ વંદનીય તો માને છે અને ડ્રોઈંગરૂમમાં સજાવટના સામાનની જેમ રાખવામાં ગૌરવ અનુભવે છે. પરંતુ વાસ્તવમાં આ ભાષાની પૂજા કરવી હોય તેને માન આપીને જો પોતે સન્માનિત થવું હોય તો તેનો ઉપયોગ વારંવાર ડગલેને પગલે કરવો પડશે. આપણી દેવભાષાનું ઉત્તમ સાહિત્ય અનિવાર્યપણે દરેક ભારતીયના ઘરમાં હોવું જ જોઈએ. મૂળ સંસ્કૃત પાઠ સાથે તેનો અનુવાદ વાંચીને તેની વાતો, તેના પ્રસંગો આપણા બાળકોને સંભળાવવાની ટેવ પાડવી પડશે. લગ્ન પ્રસંગે 'મેઘદૂત' જેવો પ્રણયની પરાકાષ્ઠા દર્શાવતો ગ્રંથ નવદંપતીને આપીને તેના જેવી પ્રણય ભાવના વિકસાવવાની પ્રેરણા આપી શકાય. મેઘને ટપાલી બનાવીને પ્રિયતમાને સંદેશો પાઠવવાની અજોડ રીત આજની **whatsapp** ની




ફોરવર્ડેડ પંક્તિઓ મોકલતા યુવક-યુવતીઓને વાંચવા - સમજવા મળે તો પ્રેમની અસલ અભિવ્યક્તિ કરતા શીખશે. કોઈના નવા સાહસના શ્રી ગણેશ વખતે કે નવી દુકાનના ઉદઘાટન પ્રસંગે ચાણક્ય-નીતિ કે શુક્રનીતિનો ગ્રંથ આપીને તેને વ્યવસાય દરમિયાન આવતા દરેક પાસાઓની સમીક્ષા કરવામાં સહાયભૂત બની શકે. જન્મદિવસે કે વાસ્તુ પ્રસંગે આવા સંસ્કૃત સાહિત્યના અણમોલ ગ્રંથ ભેટરૂપે આપવાની અને તેને વંચાવવાની આદત વિકસાવીએ.

રામાયણ, મહાભારત, ગીતા કે પુરાણને લાલ કે પીળા રેશમી વસ્ત્રોના આવરણમાંથી કાઢીને માત્ર પૂજા કરવા કે માથે નમન કરવા પૂરતા ન રાખીને તેના જીવન ઉપયોગી શ્લોક કે પ્રસંગોને વાંચીને તે મુજબ વર્તવાની આવડત કેળવવી પડશે. ભગવદ્ ગીતાને લાલપોથીમાંથી બહાર કાઢીને જો ફરજિયાતપણે તેના દરેક અધ્યાય ને હૃદયસ્થ કરીશું તો કોર્ટમાં ખાલી ખાલી ગીતા પર હાથ રાખીને સત્ય બોલવાના સોગંદ નહીં ખાવા પડે.

"અસ્તિ કશ્ચિત વાગ્વિશેષ: ?" આ પ્રશ્ન તે સમયે તો વિદ્યોત્તમાએ કાલિદાસને પૂછ્યો હતો પરંતુ આજે સ્વયં કાલિદાસ આપણને પૂછવા માગતા હશે કે સંસ્કૃત ભાષાના જ્ઞાન વગર તેના સાહિત્ય અને વાંચ્યા વગર "અસ્તિ કશ્ચિત વાગ્વિશેષ: ?" આ પ્રશ્નનો ઉત્તર આપવા આપણે કમર કસવી જ રહી.

મહાકવિ કાલિદાસના દિનવિશેષ પર વાત માત્ર કાલિદાસની જ કરવી હતી, પરંતુ સંસ્કૃત ભાષા વિશે વાત થઈ ગઈ. આ જ દર્શાવે છે કે, કાલિદાસ અને સંસ્કૃત કેવા અભિન્ન છે.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# જોત જોતામાં સોશિયલ મીડિયા પ્રેમથી જીવનનો અતુટ હિસ્સો બની ગયું છે

વીસમી સદીના અંત સુધીમાં તો વિશ્વભરમાં સોશિયલ મીડિયા માધ્યમોનો તીવ્રતાથી વિસ્તાર થતો જવા મળ્યો. આ વિષય લોક ચર્ચાનો પ્રમુખ મુદ્દો પણ બન્યો છે. મીડિયા માધ્યમોનો વિસ્તાર થવાથી એક એવુ પાસું ઉભરી આવ્યું કે પત્રકારત્ત્વ અને પત્રકારની સીમા રેખાઓ બદલાઈ ગઈ. આજે ૨૧મી સદીમાં મીડિયાની શક્તિ સામાન્ય નાગરિકના હાથમાં આવી ગઈ છે. આજના સમયમાં મીડિયાના બદલાતા જતા આયામોને જોઈને લાગે છે કે આ સમય એક જબરજસ્ત પરિવર્તન અને પ્રત્યાયન ક્રાંતિનો છે.

પ્રત્યેક શતાબ્દી તેના કોઈને કોઈ અદભુત આવિષ્કારના કારણે ઓળખાતી હોય છે. એ સમય ગાળામાં કંઈક એવું થયું હોય કે, જે માનવીય જીવન શૈલીની ઘરેડને એકદમ બદલીને સમાજમાં નવી ચેતના અને ઊર્જાનો આવિર્ભાવ થાય છે. એવી નવી વાત માનવ જીવનમાં આવે છે જેનાથી જગત અત્યાર સુધી અજાણ હોય. ૨૧મી સદીને ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાના યુગની સદી તરીકે ઓળખવામાં આવે છે.

સંદેશો પ્રસારિત કે પહોંચાડવાના નવા માર્ગો અને માધ્યમો હાથવગા થતા જાય છે. ખૂબ ટૂંકાગાળામાં માધ્યમો આપણા જીવનના અભિન્ન અંગ બની ગયા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ આવું જ એક માધ્યમ છે. જેને આપણે સૌએ ખૂબ પ્રેમથી આપણાં જીવનનો અતુટ હિસ્સો બનાવી દીધું છે.

સોશિયલ મીડિયા માનવીય જીવનના અનેક પાસાઓ ઉપર પ્રભાવી રહે છે જેમ કે, રહેણી-કરણી, કાર્યક્ષેત્ર, મોજ-મસ્તી વગેરે. આ ઉપરાંત આપણી વ્યગ્રતા અને દુઃખની તથા



સુખની લાગણીઓને પણ આ પ્લેટફોર્મ ઉપર આપણે તરત પ્રગટ કરી દઈએ છીએ. કેટલું અજીબો ગરીબ છે કે, જે વાત વ્યક્તિ પોતાના મિત્રો, સ્નેહીઓ, સગાંઓ સાથે નથી વહેંચી શકતો એ અફબીના અજાણ્યા મિત્રોને બેધડક કહી દે છે.

દુનિયામાં આજે બે પ્રકારની સમાજ રચનાનો યુગ શરૂ થઈ ચૂક્યો છે. એક વર્ચ્યુઅલ સિવિલાઈઝેશન અને બીજો ફીઝીકલ સિવિલાઈઝેશન. ટૂંક સમયમાં વિશ્વની મોટાભાગની વસતી ઈન્ટરનેટથી કનેકટેડ હશે. આમ પણ ઈન્ટરનેટ એક એવું માધ્યમ છે. કે જે બધાને માટે સહજ પણ છે અને સર્વહિતાય પણ છે.

મેન્યુલ કૈસ્ટલ, કેલિફોર્નિયા યુનિવર્સિટિના ખાંસાહેબ પ્રોફેસર છે. સોશિયલ મીડિયા વિશે છણાવટ કરતાં કૈસ્ટલે નોંધે છે કે, ફેસબુક, ટ્વિટર જેવા સોશિયલ મીડિયાના માધ્યમથી થતો સંવાદ 'માસ કોમ્યુનિકેશન' નથી 'માસ સેલ્ફ કોમ્યુનિકેશન' છે. એનો અર્થ એ કે, આજના યુગમાં ૯૦ ટકા લોકો




જનસંચારના નામે માત્ર સ્વપ્રચારનો જ કરે છે. યુઝરને એ પણ ખબર નથી હોતી કે, એના શબ્દો કે તસવીર કોના સુધી પહોંચે છે અને કોને એણે પહોંચાડવી છે ?

ફેસબુક, ટ્વીટર, ગુગલ પ્લસ, લિંકડઈન, માયસ્પેસ, પિંટરરેસ્ટ, ઓરકુટ જેવી નેટવર્કિંગ સાઈટ્સે દુનિયાને એક સૂત્રમાં બાંધીને રાખી છે. વર્ષ ૨૦૦૨માં 'ફ્રેન્ડસ્ટર'થી ઈન્ટરનેટ આધારિત સોશિયલ નેટવર્કિંગની દિશા ખુલી હતી. એના થોડા સમય પછી 'માય સ્પેસ' અને 'લિંકડઈન' જેવી સાઈટ જોવા મળી. વર્ષ ૨૦૦૪માં ફેસબુકનું બાઅદબ આગમન થયું. ફેસબુક લોકપ્રિય પ્લેટફોર્મ છે. પરંતુ આજે ટ્વીટર અને ઈંસ્ટા વધુ પોપ્યુલર પ્લેટફોર્મ બનીએ ઉભરી આવ્યા છે.

સૌશિયલ સાઈટ્સ ઉપર સતત રહેનારા લોકોની દિવાનગીની કેટલીક આંકડાકીય વિગતો સમજવા જેવી છે. ફેસબુક ઉપર પ્રતિમાસ સરેરાશ ૪૦૫ મિનિટ, પિંટરરેસ્ટ ઉપર ૮૯ મિનિટ, ટ્વીટર ઉપર ૨૧ મિનિટ, લિંકડ ઈન ઉપર ૧૭ અને ગુગલ પ્લસ ઉપર ૩ મિનિટ લોકો વ્યતીત કરતા હોય છે.

ભારતમાં ફેસબુક અને ગુગલ પ્લસ, બ્રાઝીલમાં ગુગલ પ્લસ, ફ્રાન્સમાં 'સ્કાઈ રોડ' દક્ષિણ કોરિયામાં આઈ વર્લ્ડ, ચીનમાં 'ક્યૂ ક્યૂ' રશિયામાં 'વેકોનેટાકટે' સાઈટ્સ પોપ્યુલર છે. પ્રત્યેક ક્ષણ એક નવા તાજા સમાચારો લઈને આવે છે. ઝડપ જીવનનો મંત્ર બની ગયો છે. હવે એ જમાનો ગયો કે, 'આજના સમાચાર આવતી કાલ માટે ઈતિહાસનું કામ કરશે.' આજે તો 'આ ક્ષણના સમાચાર આગલી ક્ષણ માટે ઈતિહાસ બની જાય છે.' સંચાર એક કલા છે અને શાસ્ત્ર પણ. કોઈપણ સંચાર માધ્યમ સારૂ કે ખરાબ નથી હોતું. એને સાચુ કે ખોટુ એના ઉપયોગ કરવાવાળા બનાવે છે. આ વાત સોશિયલ મીડિયાના ઉપયોગ માટે પણ એટલી જ સાચી છે.

**ધબકાર :**

સતત કનેક્ટ રહેવાનો માનવીનો મુળ સ્વભાવ છે.